**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૫-૬-૦૯ ને શુક્રવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે મળેલ ૨૦૩ મી બેઠકની કાર્યવાહી નોંધ :**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | કમિશ્નરશ્રી<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૩) | સીટી એન્જીયરશ્રી<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા. | : | સભ્ય-સચિવશ્રી |

આ ઉપરાંત બેઠકમાં કલેકટરશ્રી વડોદરા વતી નિવાસી નાયબ કલેકટરશ્રી એ હાજરી આપી હતી.

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુધ્દા નંબર (૧) :** સત્તામંડળની તા.૩૦/૧૨/૨૦૦૮ ની ૨૦૨ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

સત્તામંડળની તા.૩૦/૧૨/૨૦૦૮ ની ૨૦૨ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૦૫/૦૯ તા.૨/૧/૨૦૦૯ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૪૬):** સત્તામંડળની તા.૩૦/૧૨/૨૦૦૮ ની ૨૦૨ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા ૨૮/૮/૦૮ ની ૨૦૧ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮/૮/૦૮ ની ૨૦૧ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૪૭):** સત્તામંડળની તા.૨૮/૮/૦૮ ની ૨૦૧ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૩) : સત્તામંડળના માહે ઓકટોબર-૨૦૦૮ થી માર્ચ- ૨૦૦૯ ના હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે ઓકટોબર-૨૦૦૮ થી માર્ચ- ૨૦૦૯ ના આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૪૮):** સત્તામંડળના માહે ઓકટોબર-૨૦૦૮ થી માર્ચ- ૨૦૦૯ ના આવક તથા જાવકના હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૪) : સત્તામંડળનુ સને -૨૦૦૮ - ૦૯ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૯-૧૦ ના અંદાજપત્રને બહાલી આપવા બાબત.**

સત્તામંડળનુ સને ૨૦૦૮-૦૯ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૯-૧૦ નુ અંદાજપત્ર આ સાથેના પત્રકમાં સામેલ રાખેલ છે. જે અત્રેના નં. યુડીએ/એકા/૧૩/૨૦૦૯ તાઃ ૨૬/૦૨/૨૦૦૯ થી સરકારશ્રી માં આગામી બોર્ડ બેઠકમાં મંજુરીની અપેક્ષાએ સાદર કરેલ છે. જે અંગે ચર્ચા-વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૪૯):** સત્તામંડળનુ સને ૨૦૦૮-૦૯ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૯-૧૦ નુ અંદાજપત્ર ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર (૫) : સત્તામંડળ ની આર્થિક રીતે નબળા વર્ગ ની આવાસ યોજનામાં ટ્રાન્સફર ફી માં ઘટાડો કરવા બાબત.**

સત્તામંડળ ની તા.૧૬/૦૫/૨૦૦૮ ની ૨૦૦ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૧૯૦૧) થી આર્થિક રીતે નબળા વર્ગ ની આવાસ યોજનામાં વેચાણ કરેલ મકાનોની ટ્રાન્સફર ફી રૂ.૧૦,૦૦૦/- માં ઘટાડો કરવા અંગે વિગતવાર અભ્યાસ કરી જરૂરી વિગતોસહ અગામી બોર્ડ બેઠકમાં રજુ કરવા નક્કી કરવામાં આવેલ.

અત્યાર સુધીમાં ટ્રાન્સફર કુલ ૪૬ અરજી કચેરીમાં મળેલ છે. જેની વિગત નીચે મુજબ છે

| અ.નં | યોજના નું નામ | આવેલ કુલ અરજી |
|---|---|---|
| ૧. | ગોત્રી-૫૦૪ | ૨૩ |
| ૨. | ગોત્રી-૨૧૨ | ૦૮ |
| ૩. | ગોત્રી-૮૦૬ | ૦૮ |
| ૪. | અટલાદરા-૨૬૬ | ૦૫ |
| ૫. | અટલાદરા-૪૫૮ | ૦૨ |
| | કુલ | ૪૬ |

ઉપરોકત આવેલ અરજી ના અરજદારો ને ટ્રાન્સફર ફી ના રૂ.૧૦,૦૦૦/- ભરવા જણાવતા ફકત ૯ (નવ) અરજદારો એ ટ્રાન્સફર ફી ની રકમ રૂ.૧૦,૦૦૦/- જમા કરાવેલ છે. અન્ય અરજદારોને ટ્રાન્સફર ફી ની રકમ ભરવા જણાવતાં તેઓ દવારા આ રકમ જમા કરાવેલ નથી. તેમજ આ અંગે તેઓ એ રૂબરૂ માં રજુઆત કરેલ છે કે તઓ આર્થિક રીતે નબળા વર્ગ ના ઇસમો હોઇ આ રકમ તઓ માટે વધુ પડતી છે જે તઓ ભરપાઇ કરી શકે તેમ નથી, જેથી જો આ રકમમાં ઘટાડો કરવામાં આવે તો તેઓ આ રકમ ભરી શકે તેમ છે.

૧. વસુલાત સમયે ઇડબલ્યુએસ ના મકાનો/ફ્લેટ ના માલિકો ઘણા બદલાયા હોવાનું ઘ્યાને આવેલ છે, પરંતુ ટ્રાન્સફર ફી ની રકમ રૂ.૧૦,૦૦૦/- વધુ પડતી હોવાથી તેઓ મકાન ટ્રાન્સફર કરવા આગળ આવતા નથી.
૨. ગુજરાત હાઉસીંગ બોર્ડમાં ઇડબલ્યુએસ ના મકાનો/ફ્લેટ માટે ટ્રાન્સફર ફી રૂ.૧૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકત જોતાં ટ્રાન્સફર ફી ની રકમમાં ઘટાડો કરવા નિર્ણય લેવા અંગે ચર્ચા-વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>**ઠરાવ ક્રમાંક (૧૯૫૦):**</u> સત્તામંડળની તા.૪/૧૧/૨૦૦૮ ની ૧૬૪ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક (૧૪૩૮) થી “સત્તામંડળની મિલકતના થર્ડ પાર્ટી દસ્તાવેજ કરી આપવા પ્રસંગે નિયમોનુસાર મકાન મેળવવાની યોગ્યતા ઘરાવતા હોય અને જેઓએ વુઠાની તમામ લ્હેણી રકમ ભરપાઈ કરી હોય તેને શરતભંગ બદલ ટોકન રૂપે રૂ.૧૦૦૦૦/- વસુલ લઈ થર્ડ પાર્ટી દસ્તાવેજ કરી આપવા” ઠરાવેલ તેમા સુધારો કરી ફકત આર્થિક રીતે નબળા વર્ગ ની આવાસ યોજનામાં વેચાણ કરેલ મકાનોની ટ્રાન્સફર ફી માં રૂ.૧૦,૦૦૦/- ના બદલે વેચાણ રાખનાર ઈડબલ્યુએસ આવાસ યોજનામાં મકાન મેળવવાની લાયકાત ઘરાવતાં હોય અને ટ્રાન્સફર કરવાના સમયે તમામ લ્હેણી રકમ ભરપાઈ કરી હોય તેઓ પાસેથી રૂ.૧૦૦૦/- ટ્રાન્સફર ફી વસુલ લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને અત્યાર સુધી જે કુલ-૦૯ અરજદારોએ રૂ.૧૦૦૦૦/- પ્રમાણે ટ્રાન્સફર ફી ની રકમ જમા કરાવેલ છે તેઓને વધારાની રકમ રૂ.૯૦૦૦/- પરત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર ( ૬): શહેરી ગરીબ આવાાસ યોજનામાં આવાસ ધરાવતા લાભાર્થી પાસેથી બાકી રકમની વસુલાતમાં દંડકીય વ્યાજ માં રાહત આપવા બાબત**

સત્તામંડળ ની તા. ૧૬/૦૫/૨૦૦૮ ની ૨૦૦ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૧૮૯૯) થી આર્થિક રીતે નબળાં વર્ગ માટેની આવાસ યોજનાની કાર્યરીતિ અને મિલ્કત વ્યવસ્થાના નિયમોના નિયમ ૨(ન) મુજબ હાલમાં ઈડબલ્યુએસ યોજનાના લાભાર્થીઓને લ્હેણી રકમ ઉપર માસિક ૨ % ના દરે દંડકીય વ્યાજ વસુલ લેવામાં આવે છે તેના બદલે ચાલુ નાણાંકીય વર્ષથી એટલે કે તા.૦૧-૦૪-૦૮ પછી ડયુ થતાં હપ્તા + વ્યાજ માટે સરકારશ્રીના ધારાધોરણો અનુસાર વાર્ષિક ૨.૭૫ % ના દરે દંડકીય વ્યાજ વસુલ લેવા અને તે મુજબ નિયમમાં સુધારો કરવા આવ્યું તથા આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. તેમજ ઠરાવ ક્રમાંક (૧૯૦૦) બાકીદાર લાભાર્થીઓ જો તા.૩૧-૦૩-૦૮ સુધીના ચડત હપ્તાઓની રકમ ત્રણ માસની અંદર એટલે કે તા.૧૬-૫-૦૮ થી તા.૧૫-૮-૦૮ સુધી ભરે તો તેવા બાકીદાર લાભાર્થીઓનું દંડકીય વ્યાજ વાર્ષિક ૨.૭૫ % પ્રમાણે વસુલ લેવાનું ઠરાવવામાં આવ્યું તથા યોગ્ય જણાય સ્વવિવેકાનુસાર આ મુદતમાં વધારો કરવા તેમજ આ બાબતમાં આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા માં આવેલ છે.

સત્તામંડળ દવારા લેવાયેલ ઉપરોક્ત નિર્ણય ની તમામ યોજનામાં બહોળી પ્રસિધ્ધી કરવામા આવતા જે લાભાર્થીઓ બાકી પડતી રકમ ભરી શકે તેમ હતાં તેઓએ સદર યોજના નો લાભ લઇ તમામ રકમ દંડકીય વ્યાજ સહ જમા કરાવેલ છે, જેના પરિણામ સ્વરૂપે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન ૧.૯૩ કરોડ જેવી જંગી વસુલાત આવેલ છે.પરંતુ હવે જે લાભાર્થી ની વસુલાત આવવાની બાકીમાં છે તેવા લાભાર્થી પાસે વારંવાર ઉંઘરાણી કરવા છતાં તેઓ પાસેથી બાકી ચડત હપ્તા ની રકમ ની વસુલાત આવતી નથી જેના કારણે તમામ યોજનામાં કુલ ૮૭ મકાનો સીલ કરી તેનો કબજો વુડા હસ્તક પરત લીધેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં | યોજના નું નામ | સીલ કરેલ મકાન |
|---|---|---|
| ૧. | ગોત્રી-૫૦૪ | ૫૧ |
| ૨. | ગોત્રી-૨૧૨ | ૧૪ |
| ૩. | ગોત્રી-૮૦૬ | ૦૫ |
| ૪. | અટલાદરા-૨૬૬ | ૧૭ |
| | કુલ | ૮૭ |

ઉપરોક્ત યોજનાના લાભાર્થીઓ પાસેથી વસુલાત ના સમયે મૌખિક રૂબરૂ માં રજુઆત થયેલ છે કે, તેઓ આર્થિક રીતે નબળા વર્ગ ના ઇસમો હોઇ ૨૪% દંડકીય વ્યાજ તેઓ માટે ઘણીજ મોટી રકમ છે. જેથી જો તા.૦૧/૦૪/૦૮ પહેલાનુ દંડકીય વ્યાજ પણ ૨૪% ના બદલે ૨.૭૫% મુજબ વસુલવામાં આવે તો તેઓ બાકી પડતા લોનનાં હપ્તા ની રકમ દંડકીય વ્યાજ સહીત ભરી શકે તેમ છે.

ઉપરોક્ત હકીકત જોતા તા. ૦૧/૦૪/૦૮ પહેલા ના લોનના બાકી હપ્તા ની રકમ નું દંડકીય વ્યાજ પણ ૨૪% ના બદલે ૨.૭૫% મુજબ વસુલ લેવા નિર્ણય લેવા અંગે ચર્ચા-વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>**ઠરાવ ક્રમાંક (૧૯૫૧):**</u> સત્તામંડળની તા.૧૬/૫/૨૦૦૮ ની ૨૦૦ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૧૮૯૯) થી ઈડબલ્યુએસ આવાસ યોજનામાં લાભાર્થીઓની લ્હેણી રકમ ઉપર માસિક ૨ % ના દરે દંડકીય વ્યાજ વસુલ લેવામાં આવતુ હતું. તેના બદલે તા.૧/૪/૦૮ પછી ડયુ થતાં હપ્તા + વ્યાજ માટે ૨.૭૫% ના દરે દંડકીય વ્યાજ વસુલ લેવા ઠરાવવામાં આવ્યુ. તેમજ ઠરાવ ક્રમાંક (૧૯૦૦) થી તા.૩૧/૩/૦૮ સુધીના ચડત હપ્તાની રકમ તા.૧૫/૮/૦૮ સુધીમાં ભરે તેવા બાકીદાર લાભાર્થીઓનો દંડકીય વ્યાજ વાર્ષિક રૂા.૨.૭૫% લેવાનું ઠરાવવામાં આવેલ તેના બદલે આર્થિક રીતે નબળાં વર્ગ માટેની આવાસ યોજનાની કાર્યરીતિ અને મિલ્કત વ્યવસ્થાના નિયમોના નિયમ ૨(ન) માં સુધારો કરી તા.૧/૪/૨૦૦૮ પહેલાના લોનના બાકી હપ્તાની રકમનું દંડકીય વ્યાજ પણ વાર્ષિક ૨૪% ના બદલે ૨.૭૫% મુજબ વસુલ લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર ( ૭) : વુડાની માલિકીના વડોદરા કસ્બા ફતેગંજ વિસ્તારના સી.સ.નં. ૨/૧૩/૧ ટીકા નં.૧/૯ વાળી ૫૬૮ ચો.મી. જમીન ભારત સરકારના સાહસ એન.ટી.પી.સી. લી. ને આપવા બાબત.**

ભારત સરકારના સાહસ એન.ટી.પી.સી.લી. સત્તામંડળની માલિકીની મોજે ફતેગંજના વિસ્તારના સી.સ.નં. ૨/૧૩/૧ ટીકા નં.૧/૯ વાળી ૫૬૮ ચો.મી. જમીન ઓફીસ કમ ગેસ્ટ હાઉસ માટે મળવા માંગણી કરેલ છે અને તે માટે તેઓએ સત્તામંડળને સદર જમીનની ઓફર કિમંત જણાવવા માંગણી કરેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના હુકમ ક્રમાંક યુએલસી/૨૩૮૮/૭૪૯૯/વ/૧ તા.૧૬/૩/૮૯ થી વડોદરા શહેરી સંકુલમાં ફતેગંજ વિસ્તારમાં વડોદરા કસ્બાના ટીકા નંબર ૧/૯ ના સી.સ.નં.૨/૧૩/૧ ની ૫૬૮ ચો.મી. વુડાને ફાળવવામાં આવેલ છે. સદરહુ જમીનનો કબજો વુડાએ તા.૧૯/૪/૯૫ ના રોજ સંભાળેલ છે.

સત્તામંડળની તા.૨૫/૨/૦૫ ની ૧૮૭ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૧૭૬૧ ) થી જમીનની અપસેટ વેલ્યુ લેન્ડ પ્રાઈસ કમીટી પાસે નવેસરથી નકકી કરાવવા તેમજ ઓફર આવેલ રકમ અથવા લેન્ડ પ્રાઈસ કમીટીએ નકકી કરેલ રકમ બે માંથી જે વધુ હોય તે કીમ્મતે વેચાણ આપવા ઠરાવવામાં આવ્યુ. તેમજ આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુ.કા.અ.શ્રીની સુપ્રત કરવામાં આવેલ છે.

ઉપરોકત ઠરાવ અન્વયે તા.૧૦/૩/૨૦૦૫ ના રોજ મળેલ લેન્ડ પ્રાઈસ કમીટીમાં સવાલવાળી જમીનની કુલ કીમંત રૂા.૭૫૦૦/- પ્રતિ ચો.મી. નકકી કરી વેચાણ કરવા માટે જાહેરાત આપી. બંધ કવરમાં ભાવ મેળવી જમીનના નિકાલની આગળની કાર્યવાહી નકકી કરવામાં આવેલ.

ઉપરોકત વિગતે સ્થાનિક અખબારમાં ઓગષ્ટ-૨૦૦૬ માં જાહેરાત આપી ઓફર મંગાવતા એકપણ ઓફર કચેરીમાં મળેલ ન હતી. ત્યાર બાદ ફરીથી તા.૧/૬/૨૦૦૭ ના રોજ જાહેરાત આપતા ફકત એક જ ઓફર અત્રેની કચેરીમા મળેલ. જેથી ફરીથી જુલાઈ-૨૦૦૭ માં જાહેરાત આપતા કુલ-૦૮ (આઠ) ઓફર અત્રેની કચેરીમાં મળેલ હતી. જેમાં સૌથી ઉંચા ભાવની ઓફર શ્રી વિનોદરાય મલકાણે રૂા.૬૧,૪૧,૦૦૦/- આપેલ હતી. જે અપસેટ વેલ્યુ રૂા.૪૨,૬૦,૦૦૦/- કરતા રૂા.૧૮,૮૧,૦૦૦/- વધુ હતી. પરંતુ સદર ટેન્ડર ખોલવાની પ્રક્રીયા દરમ્યાન નીચી ઓફર આપનાર અરજદારોએ મળેલ ઉંચી ઓફર કરતાં પણ વધુ ઓફર આપવા મુ.કા.અ.શ્રી રૂબરૂ મૌખિક રજુઆત કરતા આ અંગે નવેસરથી ટેન્ડર મંગાવવા નકકી કરવામાં આવતા ફરીથી ઓકટોબર-૨૦૦૭ માં જાહેરાત આપી ટેન્ડરો મંગાવતા કુલ-૦૨ (બે) ટેન્ડર મળેલ હતા.

સદર ટેન્ડર ખોલવાની પ્રક્રીયા સામે અગાઉના ટેન્ડર સમયે વુધ ઓફર આપનાર શ્રી વિનોદરાય મલકાણે રે.મુ.ન.૯૭૮/૦૭ થી ટેન્ડરની પ્રક્રીયા સામે મનાઈ હુકમ મેળવેલ. જેથી જે ટેન્ડર મળેલ હતા તેમાં અર્નેસ્ટ મની ડીપોઝીટના ડીમાન્ડ ડ્રાફ્ટ હોવાથી તેની મુદત પુરી થઈ જાય તેમ હોવાથી અરજદારોને તેઓના ટેન્ડર અસલમાં તા.૨૧/૬/૦૮ ના રોજ પરત કરવામાં આવેલ હતા.

હાલમાં સદર ટેન્ડર પ્રક્રીયા સામેનો મનાઈ હુકમ તા.૦૭ /૧૧/૨૦૦૮ ના રોજ ઉઠી ગયેલ હોવાથી નવેસરથી ટેન્ડરો મંગાવવાના થાય છે. આ કામે દાખલ થયેલ અપીલના નિર્ણયનો અમલ કરવાની શરતે વેલ્યુએશન કરવાનુ થાય છે. પરંતુ સરકારશ્રી દ્વારા નવી જંત્રી અમલમાં આવતા નવેસરથી અપસેટ વેલ્યુ નકકી કરવાની થાય છે. નવી જંત્રી મુજબ સદર જમીનનો ભાવ રૂા.૧૨,૦૦૦/- પ્રતિ ચો.મી. નકકી થયેલ છે. તે અન્વયે સદર જમીનની કુલ કિંમત રૂા.૧૨૦૦૦/- પ્રતિ ચો.મી. નકકી કરી જાહેરાત આપી બંધ કવરમાં ભાવ મેળવી જમીનના નિકાલની આગળની કાર્યવાહી કરવા પ્રાઈસ કમીટીની તા.૩૦/૧૨/૨૦૦૮ ની બેઠકમાં નકકી કરવામાં આવેલ છે.

સવાલવાળી જમીન તે કામે ટેન્ડર ભરનાર મલકાણ વિનોદરાય એ નામદાર વડોદરાના સીવીલ જજશ્રીની કચેરીમાં મનાઈ તથા દાવો દાખલ કરેલ. **તે કામે નામદાર કોર્ટે તા.૨૦/૧/૦૯ ના રોજ અપીલ રદ કરતો હુકમ કરેલ છે.** તેમ છતાં વિવાદી તરફથી મુદત માગતા નામદાર કોર્ટે સદર દાવો તા.૧૦/૨/૦૯ સુધી યથાસ્થિતિ રાખવા હુકમ ફરમાવેલ છે. જે કામે આપના તા.૫/૨/૦૯ ના પત્રના અનુસંધાને વિવાદી શ્રી મલકાણ નામદાર હાઈકોર્ટમાં કાર્યવાહી કરે તે અગાઉ વુડા તરફે કેવીએટ અરજી વુડાના હાઈકોર્ટના પેનલ પરના એડવોકેટશ્રી હેમંત મુનસો મારફતે કેવીએટ અરજી દાખલ કરવામાં આવેલ છે.

સવાલવાળી જમીન એન.ટી.પી.સી.લી. દ્વારા માંગણી થતાં આ જમીન આપવા બાબતે કાર્યવાહી થઈ શકે કે કેમ? તે અંગે એડવોકેટશ્રી હેમંત મુનસોનો અભિપ્રાય મંગાવતા તેઓએ તા.૧૩/૫/૦૯ ના પત્રથી જણાવેલ છે કે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં શ્રી મલકાણ તરફથી કોઈ કાર્યવાહી કે કેસ દાખલ કરવામાં આવેલ નથી તેમજ કોઈપણ જાતનો મનાઈ હુકમ મેળવેલ નથી. જેથી આ બાબતમાં સત્તામંડળ જરૂરી નિર્ણય કરી શકે છે. પરંતુ આ બાબતમાં નીચલી કોર્ટમાં કોર્ટની છેવટની પરિસ્થિતિ મેળવી લેવાની થાય તેમ જણાવેલ છે.

સબબ, ઉપરોકત વિગતો ધ્યાને લઈ પ્રાઈસ કમીટીએ નકકી કરેલ રૂા.૧૨,૦૦૦/- પ્રતિ ચો.મી.ની કિંમતે એન.ટી.પી.સી. લી. ને સવાલવાળી જમીન વેચાણ આપવા અંગે ઓફર આપવી કે કેમ? તે અંગે નિર્ણય લેવા અંગે ચર્ચા-વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૫૨):</u>** સત્તામંડળની તા.૨૫/૨/૨૦૦૫ ની ૧૮૭ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૧૭૬૧) થી વુડાની માલિકીના વડોદરા કસ્બા ફતેગંજ વિસ્તારના સી.સ.નં. ૨/૧૩/૧ ટીકા નં.૧/૯ વાળી ૫૬૮ ચો.મી. જમીનની અપસેટ વેલ્યુ પ્રાઈસ કમીટી પાસેથી નવેસરથી નકકી કરાવા તેમજ ઓફર આવેલ રકમ અથવા લેન્ડ પ્રાઈસ કમીટીએ નકકી કરેલ રકમ બેમાંથી જે વધુ હોય તે કિંમતે વેચાણ આપવા ઠરાવેલ તે અન્વયે તા.30/૧૨/૨૦૦૮ ની પ્રાઈસ કમીટીની બેઠકમાં સદર જમીનની કિંમત રૂા.૧૨૦૦૦/- પ્રતિ ચો.મી. નકકી કરી જાહેરાત આપી બંધ કવરમાં ભાવ મેળવી જમીનની નિકાલની આગળની કાર્યવાહી નકકી કરવામાં આવેલ.

ઉપરોકત બાબતે ચર્ચા વિચારણાના અંતે સવાલવાળી જમીનનું ફરીથી વેલ્યુએશન કરાવી હવે પછીની બોર્ડ બેઠકમાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તેમજ આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર(૮) : ગોત્રી ખાતે દીનદયાલનગર – ૩ માં આવેલ કોમ્યુનીટી હોલ ભાડે આપવા બાબત.**

મા. મુખ્યમંત્રીશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત ગોત્રી ખાતે દીનદયાલ નગર – ૩ માં શહેરી ગરીબો માટે બાંધવામાં આવેલ આવાસો સાથે સદર સ્કીમના કોમન પ્લોટમાં કોમ્યુનીટી હોલ બનાવવામાં આવેલ છે. સદર આશરે ૮૦૦ ચો.ફુટ ક્ષેત્રફળનો કોમ્યુનીટી સન-૨૦૦૩ માં બનાવવામાં આવેલ છે. પરંતુ સદર વિસ્તારમાં વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા ટી.પી. સ્કીમ બનાવતા સદર કોમન પ્લોટ કપાતમાં બતાવેલ છે. જે અંગે ટી.પી.ઓ સમક્ષ રજુઆત કરેલ છે. જે અંગેની કાર્યવાહી પ્રગતિમાં છે. પરંતુ સદર કોમ્યુનીટી હોલ અંદાજે છેલ્લા પાંચ વર્ષથી બીન વપરાશમાં હોય, જો સદર કોમ્યુનીટી હોલ ભાડે આપવામાં આવે તો તેમાંથી આવક થઈશકે તેમ છે તથા તે મેન્ટેઈન પણ થાય તેમ છે. સ્થાનિક ઈડબલ્યુએસ લોકોને ઉપયોગી થાય તેમ છે. સદર કોમ્યુનીટી હોલનુ લોકેશન જોતા અંદાજે રૂા.૩૦૦૦/- પ્રતિ દિન મુજબ ભાડુ આવે તેમ છે. તે અંગે ચર્ચા-વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૫૩):</u>** ગોત્રી ખાતે દીન દયાલ નગર-૩ માં આવેલ કોમ્યુનીટી હોલ પ્રતિદિન ૨૪ કલાક માટે રૂા.૨૦૦૦/- ના ભાડાના દરથી ભાડે આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નબર (૯) : સ્માર્ટગોલ ૨૦૧૦ અન્વયે વુડા વિસ્તારમાં આવેલ ગામો માટે ઘન કચરાના નિકાલ માટે હાથ લારીઓ ફાળવવા બાબત.**

વુડા ધ્વારા સ્વચ્છતા અભિયાન હેઠળ ગ્રામપંચાયતોની આવતી માંગણીઓ મુજબ ઘન કચરાના નિકાલ અંગે હાથ લારીઓ આપવામાં આવે છે. જે મુજબ ગત વર્ષ દરમ્યાન વુડા વિસ્તારમાં આવેલ વડોદરા – પાદરા તાલુકાના ગામોને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફ્ત રૂા.૫/- લાખની મર્યાદામાં હાથલારીઓ આપેલ હતી. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા નિયત થયેલ સ્માર્ટગોલ ૨૦૧૦ અન્વયે વુડા ધ્વારા, વુડા વિસ્તારમાં આવેલ ગ્રામપંચાયતોને આગામી બે વર્ષો માટે પ્રત્યેક વર્ષે રૂા.૫/- લાખની મર્યાદામાં ઘન કચરાના નિકાલ માટે હાથલારીઓ આપવાનુ આયોજન કરેલ છે. આમ વર્ષ ૨૦૦૯ દરમ્યાન અંદાજીત ખર્ચ રૂા.૫/- લાખ તથા વર્ષ ૨૦૧૦ દરમ્યાન અંદાજીત ખર્ચ રૂા.૫/- લાખ મળી કુલ રૂા.૧૦/- લાખના ખર્ચે ઘન કચરાના નિકાલ અંગે હાથલારીઓ આપવાનુ આયોજન કરેલ છે. જે અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વસભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૫૪ ) :** વુડા વિસ્તારમાં આવેલ ગામોને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફ્ત ઘન કચરાના નિકાલ માટે હાથ લારીઓ આપવાનુ નકકી થયેલ છે. જેમાં વર્ષ ૨૦૦૯ દરમ્યાન રૂા.૫/- લાખ તથા વર્ષ ૨૦૧૦ દરમ્યાન રૂા.૫/- મળી કુલ રૂા.૧૦/- લાખની મર્યાદામાં ઘન કચરાના નિકાલ માટે હાથ લારીઓ આપવા માટે જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ને ગ્રાન્ટ આપવાનુ નકકી થયુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૧૦ ) : સ્માર્ટગોલ ૨૦૧૦ અન્વયે વનીકરણના ભાગરૂપે વુડા ધ્વારા ટ્રી ગાર્ડ સપ્લાય કરવા તથા વાયરફેન્સીંગના કામ કરાવવા બાબત.**

વનીકરણની પ્રવૃતિને વેગ મળે તે હેતુથી વુડા ધ્વારા દર ચોમાસા દરમ્યાન ટ્રી ગાર્ડ સપ્લાય કરવાનુ / વનીકરણ કરેલ પ્લોટને ફરતે વાયરફેન્સીંગની કામગીરી કરાવવામાં આવે છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા નિયત થયેલ સ્માર્ટગોલ ૨૦૧૦ અંતર્ગત વુડા ધ્વારા સન-૨૦૦૯ તથા સન-૨૦૧૦ દરમ્યાન પ્રત્યેક વર્ષે કુલ ૧૦ હજાર વક્ષો રોપવાનુ આયોજન કરેલ છે. જે અંતર્ગત વુડા વિસ્તાર તથા કોર્પોરેશન વિસ્તારમાં આવેલ ગ્રામપંચાયતો, સ્કુલો, કોલેજો, સરકારી સંસ્થાઓ તથા અન્ય જાહેર સંસ્થાઓને દરવર્ષની જેમ વર્ષ - ૨૦૦૯ તથા વર્ષ ૨૦૧૦ દરમ્યાન પ્રત્યેક વર્ષે ૧૫૦૦ નંગ ટ્રી ગાર્ડ સપ્લાય કરવાનુ આયોજન કરેલ છે. જેમાં ગત વર્ષ દરમ્યાન સપ્લાયના આવેલ ભાવ રૂા.૫૬૭/- પ્રતિ નંગ મુજબ વર્ષ ૨૦૦૯ દરમ્યાન રૂા.૮.૫૧ લાખ તથા વર્ષ ૨૦૧૦ દરમ્યાન રૂા.૮.૫૧ મળી બે વર્ષ દરમ્યાન અંદાજે કુલ રૂા.૧૭.૦૨ લાખ ના ખર્ચે ટ્રી ગાર્ડ સપ્લાય કરવાનુ આયોજન કરેલ છે.

આ ઉપરાંત વુડા વિસ્તારમાં આવેલ ગામો પૈકી બે વર્ષ દરમ્યાન પ્રત્યેક વર્ષે સાત ગામોમાં ગોચરની જમીન ફરતે વાયરફેન્સીંગનુ કામ કરી તેમાં વૃક્ષો વાવવાનુ આયોજન કરેલ છે. જે અંગે એક ગામમાં વાયરફેન્સીંગના કામ અંગે અંદાજે રૂા.૧/- લાખનો ખર્ચ થાય, જે મુજબ વર્ષ ૨૦૦૯ દરમ્યાન કુલ સાત ગામોમાં વાયરફેન્સીંગના કામ માટે રૂા.૭/- લાખ તથા તેવીજ રીતે વર્ષ ૨૦૧૦ દરમ્યાન બીજા સાત ગામોમાં વાયરફેન્સીંગના કામ માટે રૂા.૭/- લાખ મળી કુલ બે વર્ષ દરમ્યાન અંદાજે રૂા.૧૪/- લાખનો ખર્ચ થાય તેમ છે.

આમ વુડા ધ્વારા સ્માર્ટ ગોલ – ૨૦૧૦ અન્વયે, દરર્ષે, ૧૦ હજાર વૃક્ષો ઉછેરવા અંગે કરેલ આયોજન સીધ્ધ કરવા માટે વર્ષ ૨૦૦૯ દરમ્યાન ટ્રી ગાર્ડ સપ્લાય કરવા અંગે રૂા.૮.૫૧/- લાખ તથા સાત ગામોના વાયરફેન્સીંગના કામ માટે અંદાજીત ખર્ચ રૂા.૭/- લાખ મળી કુલ રૂા.૧૫.૫૧/- લાખનો ખર્ચ થાય તેમ છે. તેવીજ રીતે વર્ષ-૨૦૧૦ દરમ્યાન ૧૦ હજાર વૃક્ષો ઉછેરવા અંગે ઉપરોકત વિગતો મુજબ રૂા.૧૫.૫૧ લાખનો ખર્ચ થાય તેમ છે. આમ સ્માર્ટ ગોલ ૨૦૧૦ અંતર્ગત વનીકરણનો મુદ્દો સીધ્ધ કરવા માટે પ્રત્યેક વર્ષે અંદાજીત ખર્ચ રૂા.૧૫.૫૧ લાખના ખર્ચ મુજબ બે વર્ષ માટે કુલ અંદાજીત ખર્ચ રૂા.૩૧.૦૨ લાખનો ખર્ચ થાય તેમ છે. સદર બાબતનો મુદ્દા વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૫૫) :** વુડા ધ્વારા ગોલ્ડન ગોલ્સ ૨૦૧૦ અન્વયે બે વર્ષ દરમ્યાન દર વર્ષે કુલ ૧૦ હજાર વૃક્ષો ઉછેરવાનુ આયોજન કરેલ છે. તે અંગે વર્ષ ૨૦૦૯ દરમ્યાન ૧૫૦૦ નંગ ટ્રી ગાર્ડ સપ્લાય કરવા માટે અંદાજે રૂા.૮.૫૧ લાખ તથા સાત ગામોના વાયરફેન્સીંગના કામ માટે અંદાજે રૂા.૭/- લાખ મળી કુલ રૂા.૧૫.૫૧ લાખ તેવીજ રીતે વર્ષ ૨૦૧૦ દરમ્યાન સદર કામગીરી અંગે અંદાજે રૂા.૧૫.૫૧ લાખ મળી કુલ અંદાજીત ખર્ચ રૂા.૩૧.૦૨ લાખના ખર્ચને સર્વાનુમતે મંજુર કરવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૧) : સ્થાનીક વિકાસના કામો હેઠળ જીલ્લા આયોજન કચેરી દ્વારા ફાળવેલ ગ્રાન્ટ અંતર્ગત પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવા બાબત.**

સરકારશ્રીની નિર્મળ ગુજરાત યોજના સંદર્ભમાં સ્થાનીક વિકાસના કામો હેઠળ જાહેર સૌચાલય બનાવવાના ભાગરૂપે જીલ્લા આયોજન મંડળ, વડોદરા દ્વારા વુડા વિસ્તારમાં કુલ પાંચ "પે એન્ડ યુઝ" ના ધોરણે ટોઈલેટ બ્લોક બનાવવા માટે એક ટોઈલેટ બ્લોકના રૂા.૭૧૫૭૮૮/- મુજબ કુલ પાંચ ટોયલેટ બ્લોક બનાવવા માટે સને ૨૦૦૮-૦૯ માટે કુલ રૂા.૩૫૭૮૯૪૦/- ની ગ્રાન્ટ વુડાને ફાળવેલ છે. તે પૈકી હાલમાં રૂા.૨૫/- લાખનો ટ્રેઝરી, વડોદરાનો ચેક અત્રેનીકચેરીને મળેલ છે તથા બાકીની રકમ કામની પ્રગતિ મુજબ આપનાર છે. આ અંગે વુડા વિસ્તારમાં આવેલ બીલ ગામ, ભાયલી ગામ, દશરથ ગામ, કોયલી ગામ તથા પાદરા નગરપાલીકા વિસ્તારોમાં ટોઈલેટ બ્લોક બનાવવાની ડીમાન્ડ આવેલ છે. તે પૈકી અથવા તો અન્ય સાઈટ સર્વે કરી યોગ્ય જણાય તે મુજબના કુલ પાંચ સ્થળોએ ટોઈલેટ બ્લોકો બનાવવાનુ આયોજન કરવામાં આવેલ છે.

નિર્મળ ગુજરાત ૨૦૦૭ અંતર્ગત વુડા દ્વારા કુલ પાંચ ટોયલેટ બ્લોકોનુ કામ કરેલ તે પૈકી સેવાસી તથા ફાજલપુર ખાતેના ટોઈલેટ બ્લોકનુ કામ કરતી સામાજીક સંસ્થા મે. માં સામાજીક સેવા સંસ્થાન, વડોદરા દ્વારા ઉપરોક્ત ટોઈલેટ બ્લોકો જીલ્લા આયોજન મંડળ દ્વારા મંજુર કરેલ ભાવો મુજબ કરી આપવાની તૈયારી દર્શાવેલ છે. જેથી તેમાં વુડાએ પોતાનો કોઈ ફાળો આપવાનો રહેશે નહી. જેથી ૧૦૦ કામગીરી ફાળવેલ ગ્રાન્ટમાંથી થાય તેમ છે. સદર સંસ્થા દ્વારા તેઓને ગત વર્ષ દરમ્યાન સોંપવામાં આવેલ બે ટોઈલેટ બ્લોકોની કામગીરી ઝડપથી તથા સુંદર આયોજન કરીને બનાવી આપેલ છે. જેથી વુડાને જીલ્લા આયોજન મંડળ દ્વારા પાંચ ટોઈલેટ બ્લોક માટે ફાળવેલ રૂા. ૩૫૭૮૯૪૦/- ની કામગીરી કરવા તથા સદર કામગીરી સામાજીક સંસ્થા મે. માં સામાજીક સેવા સંસ્થાન, વડોદરાને સોંપવા બાબતનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૫૬) :** જીલ્લા આયોજન મંડળ વુડા દ્વારા કુલ પાંચ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક બનાવવા માટે ફાળવેલ રૂા.૩૫૭૮૯૪૦/- ની ગ્રાન્ટ અંગેની કામગીરી કરવાની તથા સદર કામગીરી કરાવવા માટે મે. મા.સામાજી સેવાસંસ્થાન વડોદરાને સોંપવાની મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૧૨) : બીલ ખાતે ટી.પી. સ્કીમના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરથી ૮ કી.મી. દુર, વડોદરા મહાનગર સેવાસદનની હદને અડીને આવેલ બીલ ગામના ગામતળની ઉત્તરે આવેલ વિસ્તારનો મુસધ્દારૂપ નગર રચના યોજનાનો વિકાસ કરવાનુ નકકી કરેલ હતુ. જે અન્વયે મુસધ્દારૂપ નગર રચના યોજના હેઠળ આસરે ૯૩ હેકટર જમીનમાં મુસધ્દારૂપ નગર રચના યોજના બીલ-૧, વડોદરા બનાવવામાં આવેલ છે. જેને સરકારશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવેલ છે. સદર નગરરચના યોજનાનુ અમલીકરણ કરવાનુ નકકી કરવામાં આવતા આ વિસ્તારના સઘળા જમીન માલીકોની એક મીટીંગનુ આયોજન વુડા ખાતે કરવામાં આવેલ હતુ. જેમાં હાજર સર્વ જમીન માલીકોએ અમલીકરણ માટે રસ ધરાવતા આ નગર રચના યોજનાનુ અમલીકરણ ચાલુ કરવામાં આવેલ હતુ અને સ્થળે માપણી કરી અંતીમ ખંડોના લેવડ દેવડની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. અને વુડાને મળવાપાત્ર અંતિમ ખંડો તથા રસ્તાઓના કબજાઓ મેળવી લેવાયેલ છે. આ નગર રચના યોજનાના મુખ્ય ૧૨ મી. કે તેથી મોટા રસ્તાઓ બનાવવા માટે માંગણી થયેલ છે. તે પરત્વે મુખ્ય રસ્તાઓ ૩.૫ મી. પહોળાઈમાં ગેરી ધ્વારા આપવામાં આવેલ ડીઝાઈન પ્રમાણે બનાવવાના થાય છે. આ રસ્તાઓની અંદાજીત કુલ લંબાઈ ૫.૨ કી.મી. જેટલી થાય છે. આ અંગેનો અંદાજીત ખર્ચો આશરે રૂા.ર.૧૫ કરોડ જેટલો થાય તેમ છે. આ યોજના અંતિમ મંજુર થયેલ હોઈ બેટરમેન ચાર્જના વસુલાતમાંથી રૂા.૪૦/- લાખ તથા કોમર્શીયલ અને રહેણાંક પ્લોટના વેચાણમાંથી અંદાજે રૂા.૧૨/- કરોડ જેટલી આવક વુડાને થાય તેમ છે. ઉપરોકત વિગતે બીલ ટી.પી. સ્કીમ ખાતે બનાવવાના થતા રસ્તા અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.ર.૧૫ કરોડના ખર્ચ બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૫૭) :** બીલ ખાતે ટી.પી. સ્કીમ નં. ૧ ના અમલીકરણ અર્થે કરવાના થતા રસ્તાઓના કામો કરાવવાની મંજુરી આપવામાં આવી તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.ર.૧૫ કરોડને પણ સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૩) : પાદરા ખાતે વુડાની હદમાં ફ્હકરેં II તથા ફ્હકરેં III મા થયેલ ટી.પી. રોડના આરબીટ્રેશન પીટીશન નં.૪૨/૨૦૦૨ અને ૪૩/૨૦૦૨ ના એવોર્ડના અમલીકરણ બાબત સીવીલ કોર્ટ વડોદરામાં ઈજારદાર દ્વારા દાખલ કરેલ સીવીલ એપ્લીકેશન બાબત.**

પાદરા ખાતે આઈ.ડી.એસ.એમ.ટી. યોજના હેઠળ ફ્હકરેં II મા ટી.પી. રોડના રૂા.૫૧૬૫૪૦૦/- ના કામો ૧૩.૫% અબાઉથી તથા ફ્હકરેં III મા રૂા.૮૮૪૭૦૦૦/- ના કામો ૪.૪૧% અબાઉ ભાવોથી અનુક્રમે વર્ષ ૧૯૯૭ અને વર્ષ ૧૯૯૮ દરમ્યાન શરૂ કરી વર્ષ ૧૯૯૯ માં બન્ને કામો પૂર્ણ કરવામાં આવેલ હતા. સદર કામગીરીઓના ટેન્ડરીંગ તથા સુપરવિઝનની કામગીરી મે. રે કન્સલટન્ટ ને તથા ઈજારદાર તરીકે મે.બી.એમ. પટેલ એન્ડ બ્રધર્સને કામગીરી સોંપવામાં આવેલ હતી. બન્ને કામો અન્વયે અનુક્રમે કુલ રકમ રૂા.૭૦૧૭૬૩૯/- અને રૂા.૧૧૧૫૦૧૦૪/- નો ખર્ચ થયેલ હતો.

બન્ને કામો પૂર્ણ થયા બાદ ઈજારદાર દ્વારા પ્રાઈસ એડજસ્ટમેન્ટના બીલો રજુ કરેલ જે વુડા દ્વારા રીજેકટ કરવામાં આવેલ હતાં. પરંતુ ઈજારદાર દ્વારા બન્ને બીલો માટે વારંવાર લેખીતમાં રજુઆત કરતાં ફ્હકરેં III ના કામના પ્રાઈસ એડજસ્ટમેન્ટના ચુકવણા અંગે નિર્ણય અર્થે વુડા બોર્ડ બેઠક ૧૬૪ તા.૪/૧૧/૨૦૦૦ માં રજુ થતા તેમાં પણ સદર બિલની રકમ આપવા પાત્ર નથી તે મુજબનો નિર્ણય લેવામાં આવેલ હતો.

ત્યારબાદ ઈજારદારે એડવોકેટશ્રીઓ દ્વારા નોટીસો આપેલ હતી અને ઓકટોબર ૨૦૦૨ માં હાઈકોર્ટમાં આરબીટ્રેશનની માંગણી કરતાં નામદાર હાઈકોર્ટે ફ્હકરેં II તથા ફ્હકરેં III ના કામો માટે અનુક્રમે આરબીટ્રેશન પીટીશન નં. ૪૨/૨૦૦૨ ના હુકમ નં.૨૩૮૩/૨૦૦૩ અને ૪૩/૨૦૦૨ ના હુકમ નં.૨૩૮૪/૨૦૦૩ તા.૨૬/૫/૨૦૦૩ દ્વારા શ્રી આર.ઓ.પરીખ નીવૃત ચીફ એન્જીનીયર (રૂ્ભ) ની આરબીટ્રેટર તરીકે નિમણુંક કરેલ હતી.

આરબીટ્રેશન અંગે પ્રથમ મીટીંગ તા.૧૯/૧૨/૦૩ અને ૯ મી મીટીંગ તા.૮/૦૬/૦૪ ના રોજ યોજાયેલ હતી. સદર આરબીટ્રેશનની કામગીરીમાં વુડા તરફથી એડવોકેટશ્રી દીલીપભાઈ ટી. નાણાવટી મારફત આરબીટ્રેટરશ્રી સમક્ષ રજુઆત કરેલ હતી. આરબીટ્રેટરશ્રી દ્વારા તા.૫/૭/૨૦૦૪ ના રોજ બન્ને કેસોના એવોર્ડ આપવામાં આવેલ હતા. બન્ને કેસો માટે પ્રાઈસ એડજસ્ટમેન્ટ તથા અન્ય કલેમ અને તે પરત્વે એવોર્ડની તારીખ સુધી તથા એવોર્ડની તારીખ બાદ ચુકવવાના થતા વ્યાજની વિગતોનો એવોર્ડ આપેલ છે. જેની ટુંકમાં વિગત નીચે મુજબ છે.

| ક્રમ નં. | વિગત | ફ્હકરેં II ની રકમ રૂા. માં | ફ્હકરેં III ની રકમ રૂા. માં | કુલ રકમ રૂા. માં |
|---|---|---|---|---|
| ૧ | એવોર્ડની રકમ (પ્રાઈસ એડજસ્ટમેન્ટ તથા અન્ય કલેમ) | ૧૫૬૫૭૬૫.૦૦ | ૧૬૬૩૩૩૪.૦૦ | ૩૨૨૯૦૯૯.૦૦ |
| ૨ | ૧૫% સાદુ વ્યાજ | ૧૦૩૯૪૯૬.૦૦<br>૨૧/૫/૯૯ થી<br>૨૪/૧૧/૦૩ | ૯૬૩૧૩૯.૦૦<br>૧૬/૧/૨૦૦૦ થી<br>૨૪/૧૧/૦૩ | ૨૦૦૨૬૩૫.૦૦ |
| ૩ | ૧૨% ફ્રેંન્ફ્રેંત્ર્લિં સાદુ વ્યાજ ૨૫/૧૧/૦૩ થી ૪/૭/૦૪ | ૧૧૧૯૫૫.૦૦ | ૧૨૧૪૦૧.૦૦ | ૨૩૩૩૫૬.૦૦ |
| (એ) | એવોર્ડ મુજબ તા.૫/૭/૦૪ સુધી | ૨૭૧૭૨૧૬.૦૦ | ૨૭૪૭૮૭૪.૦૦ | ૫૪૬૫૦૯૦.૦૦ |
| ૪ | ૧૨% સાદુ વ્યાજ તા.૫/૭/૦૪ થી | ૫૧૪.૭૭<br>પ્રતિ દિવસ | ૫૪૬.૮૫<br>પ્રતિ દિવસ | ૧૦૬૧.૬૨<br>પ્રતિ દિવસ |

આરબીટ્રેટરશ્રી દ્વારા આપવામાં આવેલ બન્ને એવોર્ડ પરત્વે તા.૧૨/૭/૦૪ ના પત્રથી એડવોકેટશ્રી દીલીપભાઈ ટી. નાણાવટીએ બન્ને એવોર્ડ કાયદાકીય રીતે સીવીલ કોર્ટમાં ચેલેન્જ

થઈશકે તે બાબતનો અભીપ્રાય આપેલ હતો. જે મુજબ બન્ને એવોર્ડને સીવલ કોર્ટ વડોદરા ખાતે તા.૧૮/૮/૨૦૦૪ ના રોજ અનુક્રમે કેસ નં.૨૪૧/૨૦૦૪ તથા ૨૪૨/૨૦૦૪ ધ્વારા ચેલેન્જ કરવામાં આવેલ હતા.

વુડા બોર્ડ બેઠક નં.૧૮૫, તા.૧૯/૧૧/૨૦૦૪ ના મુધ્દા નં. ૮ ધ્વારા બન્ને કેસોની વિગતો તથા બન્ને કેસોમાં આરબીટ્રેટરશ્રી ધ્વારા આપવામાં આવેલ એવોર્ડ બાબતની વિગતો વુડા બોર્ડના સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા આગળની કાર્યવાહી અંગે નિર્ણય અર્થે રજુ થતા, તેના ઠરાવ નં.૧૭૩૨ માં ઠરાવ્યા મુજબ બન્ને એવોર્ડને વડોદરા સીવીલ કોર્ટમાં કરવામાં આવેલ ચેલેન્જની કાર્યવાહીને મંજુરી આપવામાં આવી તથા આવા કીસ્સાઓમાં કોર્ટની લાંબી કાર્યવાહીના અંતે ઘણુ ખરૂ ચુકાદાઓ સરકારની વિરૂધ્ધમાં આવતા હોય અને ઈજારદારને મોટી રકમ ચુકવવી પડતી હોય છે. જે ધ્યાને લેતા એવોર્ડની રકમ બાબતે ઈજારદાર સાથે નેગોસીએશન કરી એવોર્ડ / વ્યાજની રકમ ઓછી કરવા લેખીતમાં તૈયારી બતાવે, તો તેવા સંજાગોમાં નેગોશીએશન માટે સીટી એન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાની કમીટી બનાવી સત્તા સોંપવામાં આવેલ હતી.

ત્યારબાદ તા.૨૪/૧૨/૦૪ ના ૧૭.૦૦ કલાકે ઈજારદારશ્રી તત્કાલીન મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને મળવા આવતા તેઓને બોર્ડમાં થયેલ ઠરાવની માહીતી આપેલ હતી. પરંતુ તેઓએ એવોર્ડની રકમમાં ઘટાડો કરવા લેખીતમાં આપવાનો ઈનકાર કરેલ હતો.

અગાઉ આરબીટ્રેશન પરત્વે સીવીલ કોર્ટ, વડોદરામાં દાખલ કરેલ એપ્લીકેશન ન.૨૪૧/૨૦૦૪ અને ૨૪૨/૨૦૦૪, ના. પ્રીન્સીપલ ડીસ્ટ્રીકટ જજ, વડોદરા ધ્વારા તા.૨૯/૧૧/૨૦૦૭ ના રોજ ડીસમીસ કરવામાં આવેલ છે.

સદર ચુકાદાની સામે વુડા ધ્વારા બોર્ડ બેઠક ક્રમાંક ૧૯૯ ના ઠરાવ નં. ૧૮૯૩ મુજબ ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે તા.૨૯/૨/૨૦૦૮ ના રોજ ફર્સ્ટ અપીલ દાખલ કરવામાં આવેલ છે. જેની સુનાવની બાકીમાં છે. આ સંજોગોમાં ઈજારદાર ધ્વારા આરબીટ્રેટરશ્રીએ આપેલ એવોર્ડનુ અમલીકરણ કરાવવા બાબત, એકઝયુકયુશન એપ્લીકેશન, વડોદરાની ઓનરેબલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં તા.૧૩/૩/૨૦૦૯ ના રોજ દાખલ કરેલ છે. જેથી સદર એકઝયુકયુશન એપ્લીકેશન પરત્વે સ્ટે મેળવવા અર્થે ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે વુડા ધ્વારા સીવીલ એપ્લીકેશન તા.૧૮/૪/૨૦૦૯ ના રોજ દાખલ કરેલ છે. જેની સુનાવણી ચાલુમાં છે. આ અંગે કરવાની થતી કાર્યવાહી પ્રગતિમાં છે.

આ સંજોગોમાં ઉપરોકત વિગતો પરત્વે થયેલ કાર્યવાહી બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૫૮ ) :** પાદરા ખાતે કરવામાં આવેલ ટી.પી. ૧ તથા ટી.પી. ૨ ના રોડના કામ અંગે ઈજારદાર મે. બી. એમ. પટેલ ધ્વારા કરવામાં આવેલ કેસ બાબતે વડોદરા કોર્ટમાં તથા અમદાવાદ ખાતે હાઈકોર્ટમાં ચાલી રહેલ કેસ અંગે અત્યાર સુધી ચાલી રહેલ કાર્યવાહીને સર્વાનુ મતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૪ ) : વડોદરા મહાનગર પાલિકાને જોડના રસ્તાઓને રાઈટ ઓફ વે ૬૦.૦ મીટરની કરવા બાબત.**

ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના તા.૦૬-૦૧-૨૦૦૯ ના પત્ર ક્રમાક : પરચ : ૧૦૨૦૦૮-૬૬/સ થી મહાનગર પાલિકાને જોડતા રસ્તાઓની રાઈટ ઓફ વે ૬૦.૦ મીટરની કરવા માટે સૈધ્ધાંતિક મંજુરી મળેલ હોવાથી ૬૦.૦ મીટરના પટ્ટામાં નવી એન.એ. પરવાનગી તથા અન્ય પરવાનગી ન આપવા સુચના અપાયેલ છે. જે પરત્વે કાર્યપાલક ઈજનેરશ્રી, જીલ્લા (મા. અને મ.)વિભાગ, વડોદરા દ્વારા તા.૧૦-૦૨-૨૦૦૯ ના પત્રથી વડોદરા મહાનગર પાલિકાને જોડતા આઠ રસ્તાઓ (૧)વડોદરા-સાવલી રોડ,(૨) વડોદરા-પાદરા રોડ,(૩)વડોદરા-વાઘોડીયા રોડ,(૪) વડોદરા- ડભોઈ રોડ, (૫) વડોદરા-આજવા રોડ,(૬)વડોદરા-સીંધરોટ રોડ,(૭)વડોદરા સમા-સાવલી રોડ,(૮) વડોદરા ગોરવા-ઉંડેરા-કોયલી રોડ ની ૬૦.૦ મીટર રાઈટ વે ની જમીન સંપાદનની દરખાસ્તો તૈયાર કરવામાં આવી રહેલ હોવાનુ તથા આ ૬૦.૦ મીટરના પટ્ટામાં એન. એ તથા અન્ય કોઈ પરવાનગી ન આપવા જણાવેલ છે. વુડાની મુસદ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના કે જે હાલ સરકારશ્રીની મંજુરી હેઠળ છે. જેમાં ઉકત આઠ રસ્તાઓ પૈકી (૧) વડોદરા સાવલી રોડ, (૨) વડોદરા-વાઘોડીયા રોડ, (૩) વડોદરા-આજવા રોડ તથા (૪) વડોદરા ડભોઈ રોડ કુલ ચાર રોડ ૭૫.૦ મીટર પહોળાઈના દર્શાવેલ છે. પરંતુ બાકીના ચાર રસ્તાઓ પૈકી બે રસ્તાઓમાં વડોદરા સીંધરોટ રોડ ને સેવાસીથી તથા વડોદરા પાદરા રોડને સમીયાલાથી ૭૫.૦ મીટર પહોળાઈનો દર્શાવેલ છે. જેમાં વડોદરા મહાનગર પાલિકા હદ સુધી ઓછામાં ઓછા ૬૦.૦ મીટરનો રસ્તો દર્શાવવાનો થાય તથા વડોદરા બ્રાન્ચ કેનાલથી નેશનલ હાલવે નં.૮ સુધી સમા-સાવલી રોડ તથા વડોદરા ગોરવા ઉંડેરા કોયલી રોડને વડોદરા મહાનગર પાલિકાની હદથી ૬૦.૦ મીટરનો દર્શાવવાનો થાય તથા સરકારશ્રીમાં તે મુજબ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા દરખાસ્ત કરવાની થાય જે બાબત વુડા બોર્ડ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા-વિચારણા અર્થે સાદર રજુ થતા વડોદરા શહેર બહાર નિકળતા તમામ રસ્તાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા જે રસ્તાઓને આર. એન્ડ બી વિભાગ દ્વારા ૬૦.૦ મીટરના રાઈટ ઓફ વે માટે સૈધાંતિક મંજુરી મળી છે. તે રસ્તાઓ પૈકી જે રસ્તાઓ વુડાની વિકાસ યોજનામાં ૬૦.૦ મીટર કરતા ઓછી પહોળાઈના હોય તે રસ્તાઓ ૬૦.૦ મીટર કરી મુસદ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા સરકારશ્રીની દરખાસ્ત કરવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૫૯):** વડોદરા મહાનગર પાલિકાને જોડતા જે રસ્તાઓને આર. એન્ડ બી. વિભાગ દ્વારા ૬૦.૦ મીટરના રાઈટ ઓફ વે માટે સૈધાંતિક મંજુરી આપેલ છે. તે રસ્તાઓ પૈકી જે રસ્તાઓ વુડાની વિકાસ યોજનામાં ૬૦.૦ મીટર કરતા ઓછી પહોળાઈના હોય તે રસ્તાઓ ૬૦.૦ મીટર કરી મુસદ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નંબર(૧૫): વુડા વિસ્તારમાં નવીન નગર રચના યોજનાઓ તૈયાર કરવા માટે જમીનોની સર્વે માપણી ખાનગી એજન્સી મારફત કરવા બાબત.**

વુડા વિસ્તારમાં મુસદ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં ઉત્તરે દર્શાવેલ આઈ ટી નોડ તથા પશ્ચિમે દર્શાવેલ સુચિત રીંગરોડની આજુ-બાજુની જમીનોમાં પ્રાયોરીટીના ધોરણે નગર રચના યોજના બનાવવા માટે બોર્ડ બેઠક નં.૨૦૦ માં મુદ્દો લેવામાં આવેલ હતો જેમાં ઠરાવ ક્રમાંક : ૧૯૧૭ થી મુસદ્દારૂપ વિકાસ યોજનાના સુચિત ઝોનમાં નગર રચના યોજના તૈયાર કરવા સરકારશ્રીની ખાસ કિસ્સામાં મંજુરી માટે દરખાસ્ત કરવા તથા સવાલવાળી જમીનોની માપણી થાય ત્યાર બાદ કલમ-૪૧ (૧) હેઠળ પરામર્શ મેળવવા ઠરાવ થયેલ છે. જે પરત્વે સવાલવાળી જમીનોની માપણી માટે ડી.આઈ.એલ.આર.શ્રી, વડોદરાને જણાવતા તેઓ પાસે પુરતો સ્ટાફ ન હોઈ સમય મર્યાદામાં માપણી કરી આપવા અક્ષમતા દર્શાવેલ હતી તથા આ નિર્દિષ્ટ વિસ્તારોની માપણી ખાનગી એજન્સી મારફત કરાવી ડી.આઈ.એલ.આરશ્રી પાસે પ્રમાણિત કરાવવાની પ્રક્રિયાથી કામગીરી કરાવવા સુચન કરેલ હતુ જે પરત્વે અત્રેથી નિર્દિષ્ટ વિસ્તારોની માપણી માટે માહિતી ખાતા મારફત જાહેર નિવિદાની બે દૈનિક વર્તમાન પત્રોમાં બહોળી પ્રસિધ્ધિ કરી ટેન્ડરો મંગાવેલ હતા જે અન્વયે સમય મર્યાદામાં કુલ-૬(છ) ટેન્ડર ગયેલ હતા જે પૈકી ૫ (પાંચ) ટેન્ડર ભરીને પરત મળેલ હતા. જે પૈકી ટેકનીકલ બીડમાં એક ટેન્ડર નીકળી જતા કુલ-૪(ચાર) ટેન્ડર ના ભાવપત્રકો ખોલવામાં આવેલ હતા. જેમાં સૌથી ઓછા ભાવ સીધ્ધુ સર્વે સર્વિસીસ, જોધપુરના મળેલ છે. જેમાં અવિકસિત વિસ્તારની માપણીના પ્રતિ હેક્ટર રૂા.૩૨૧ તથા વિકસિત વિસ્તારની માપણીના પ્રતિહેક્ટર રૂા.૩૭૨/- ના ભાવો ખુલેલ છે. ઓછા ભાવ વાળી એજન્સીને રૂબરૂ બોલાવી ડી.આઈ.એલ.આર.શ્રીની હાજરીમાં કામગીરીની પુરેપુરી સમજ આપવામાં આવેલ છે તથા ત્યાર બાદ તેઓ દ્વારા ભરેલ ભાવે કામગીરી કરી આપવા સંમતી આપવામાં આવેલ છે. જે પરત્વે સીધ્ધુ સર્વે સર્વિસીસ જોધપુરને સુચિત ટી.પી.સ્કીમોની માપણી માટે વર્ક ઓડર આપવા નક્કી થયેલ છે. ઉકત સમગ્ર કાર્યવાહી વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા તથા બહાલી અર્થે મુદ્દો રજુ થતા બોર્ડ સભ્યશ્રીઓને સર્વે માપણી માટે ભાવ નક્કી કરવા માટે થયેલ કાર્યવાહીની વિગતવાર ચર્ચા-વિચારણા કરી તથા થયેલ કાર્યવાહી યોગ્ય જણાતી હોઈ સીધ્ધુ સર્વે સર્વિસીસ જોધપુરને સુચિત ટી.પી.સ્કીમોની માપણી માટે કામગીરી સોંપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૦):** વુડા વિસ્તારમાં નવીન નગર રચના યોજનાઓ તૈયાર કરવા માટે જમીનોની સર્વે માપણીની કામગીરી માટે મંગવાવેલ ભાવોમાં સીધ્ધુ સર્વે સર્વિસીસ જોધપુરના ભાવો વ્યાજબી જણાતા હોઈ સર્વે માપણીની કામગીરી તેઓશ્રીને સોંપવા નકકી કરવામાં આવેલ છે અને બાકીની સઘળી કામગીરી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર (૧૬): મુસદ્દારૂપ નગર રચના યોજના, નગર રચના યોજના ભાયલી નં.૨ માટેની કામચલાઉ પુન : રચના મુજબની દરખાસ્તો અન્વયે રસ્તા અને વુડાની જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડો બાબતે અભિપ્રાય આપવા બાબત.**

નગર રચના અધિકારીશ્રી, નગર રચના યોજનાઓ એકમ-3, વડોદરા એ તા.૨૨-૧૨-૨૦૦૮ ના પત્ર નં.નરયો/ભાયલી નં.૨/એકમ-3/૨૯૭૬ દ્ધારા મુસદ્દારૂપ નગર રચના યોજના ભાયલી નં.૨ ની યોજના માટેની કામચલાઉ પુનઃ રચના મુજબની દરખાસ્તો અન્વયે, મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના તા.૧૮-૧૧-૦૮ ના પત્ર નં.ભાયલી/નં.૨/કા.પુ/પરામર્શ/દ.ગુ./૮૩૬૯ થી પરામર્શ આપવામાં આવેલ છે તે બાદ વુડાને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડો અને સુચિત રસ્તા બાબતે અત્રેનો પરામર્શ/અભિપ્રાય ઠરાવ સ્વરૂપમાં આપવા સારૂ નકશા પાઠવેલ છે જે અન્વયે નગર રચના યોજના વિસ્તારનું સ્થળ નિરીક્ષણ તા.૨૨-૧-૨૦૦૯ ના રોજ કરેલ છે તથા અનામત દર્શાવેલ ખંડો તેમજ સુચિત રસ્તામાં દબાણ જણાતા નથી તથા સદર યોજનાના સ્થળનિરીક્ષણ વખતે ૧૮.૦ મીટર પહોળા ડીપી/ટીપી રોડ ઉપર વરસાદી કાંસમાં વરસાદી પાણીના સરળતાથી નિકાલ માટે સુચન કરેલ જે અન્વયે નગર રચના અધિકારીશ્રીના તા.૨૪/૪/૦૯ ના પત્ર ક્રમાંક : નરયો/ભાયલી નં.૨/એકમ-3/૯૪૧ પત્રમાં જણાવ્યા મુજબ સદર નગર રચના યોજનાના ૧૮.૦ મીટર પહોળા ડીપ/ટીપી રોડ પર પાણીના નિકાલ માટે “રૂકનિં ષ્કર્તેરુ ઢ્રુરુકનિં”(વરસાદી કાંસ)નું આયોજન કરેલ જેનો યોજના બનાવવા માટે જાહેર કરેલ ઈરાદાની તા.૨૫-૧૧-૧૯૯૪ નો અંદાજીત ખર્ચ ૫,૯૪,૫૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ ચોરાણુ હજાર પાંચસો પુરા)સને ૧૯૯૨-૧૯૯3 ના એસ.ઓ.આર.મુજબ જણાવેલ છે.(એબસ્ટ્રેક શીટ સામેલ રાખેલ છે)

નગર રચના યોજના ભાયલી નં.૨ માં નગર રચના અધિકારીશ્રીએ વડોદરા શહેરી વિકાસ સંત્તામંડળને ફાળવેલ જાહેર હેતુને ઉપયોગી પ્લોટોની દરખાસ્ત સંદર્ભે જમીનોની ફાળવણી અન્વયે મુસદ્દારૂપ નગર રચના યોજનાની સ્થિતિ પુન : રચના મુજબના આયોજન હેઠળ ફાળવેલ જમીનોની ફાળવણીની વિગતો બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવી અને તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી જે અન્વયે સ્થળસ્થિતીની વિગત તેમજ મુસદ્દારૂપ નગર રચના યોજનાની ફાળવેલ અંતિમખંડોની સરખામણીમાં પરામર્શ માટે મળેલ નગર રચના યોજના સંદર્ભે મળેલ સત્તામંડળના અલગ-અલગ અંતિમખંડની સરખામણી કરવામાં આવી અને તેની બોર્ડ વ્દ્ધારા નોંધ લેવામાં આવી તથા તે પરત્વે તા.૨૪-૪-૨૦૦૯ ના પત્ર ક્રમાંક : નરયો/ભાયલી નં.૨/એકમ-3 /૯૪૧ થી વરસાદી પાણીના નિકાલ માટે કરેલ આયોજનની વિગતો યોજનામાં સામેલ કરવાની શરતે થયેલ આયોજન યોગ્ય હોઈ યોજનાને અનુમોદન આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૧):** નગર રચના અધિકારીશ્રીની તા.૨૨-૧૨-૨૦૦૮ ના પત્ર નં.નરયો/ભાયલી નં.૨/એકમ-3/૨૯૭૬ થી નગર રચના યોજના ભાયલી નં.૨ માં વુડાને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડો અને સુચિત રસ્તા બાબતે પરામર્શ માટે મળેલ દરખાસ્ત તથા તે પરત્વે તા.૨૪-૪-૨૦૦૯ ના પત્ર ક્રમાંક : નરયો/ભાયલી નં.૨/એકમ-3 /૯૪૧ થી વરસાદી પાણીના નિકાલ માટે કરેલ આયોજનની વિગતો યોજનામાં સામેલ કરવાની શરતે અનુમોદન આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નંબર (૧૭) : મુસધ્દારૂપ નગર રચના યોજના, નગર રચના યોજના ભાયલી નં.૩ માટેની કામચલાઉ પુન : રચના મુજબની દરખાસ્તો અન્વયે રસ્તા અને વુડાની જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડો બાબતે અભિપ્રાય આપવા બાબત.**

નગર રચના અધિકારીશ્રી, નગર રચના યોજનાઓ એકમ-૩, વડોદરા એ તા.૨૦-૧૨-૨૦૦૮ ના પત્ર નં.નરયો/ભાયલી નં.૩/એકમ-૩/૨૯૬૯ ધ્ધારા મુસધ્દારૂપ નગર રચના યોજના ભાયલી નં.૩ ની યોજના માટેની કામચલાઉ પુનઃ રચના મુજબની દરખાસ્તો અન્વયે, મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના તા.૨૦-૧૨-૦૮ ના પત્ર નં.ભાયલી/નં.૩/કા.પુ/પરામર્શ/દ.ગુ./૮૯૭૫ થી પરામર્શ આપવામાં આવેલ છે તે બાદ વુડાને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડો અને સુચિત રસ્તા બાબતે અત્રેનો પરામર્શ/અભિપ્રાય ઠરાવ સ્વરૂપમાં આપવા સારૂ નકશા પાઠવેલ છે જે અન્વયે નગર રચના યોજના વિસ્તારનું સ્થળ નિરીક્ષણ તા.૨૨-૧-૨૦૦૯ ના રોજ કરેલ છે તથા અનામત દર્શાવેલ ખંડો તેમજ સુચિત રસ્તામાં દબાણ જણાતા નથી.

નગર રચના યોજના ભાયલી નં.૩ માં નગર રચના અધિકારીશ્રીએ વડોદરા શહેરી વિકાસ સંત્તામંડળને ફાળવેલ જાહેર હેતુને ઉપયોગી પ્લોટોની દરખાસ્ત સંદર્ભે જમીનોની ફાળવણી અન્વયે મુસધ્દારૂપ નગર રચના યોજનાની સ્થિતિ પુન : રચના મુજબના આયોજન હેઠળ ફાળવેલ જમીનોના ક્ષેત્રફળના તુલનાત્મક પત્રક બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવ્યુ અને તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી જે અન્વયે સ્થળસ્થિતીની વિગત તેમજ મુસધ્દારૂપ નગર રચના યોજનાની ફાળવેલ અંતિમખંડોની સરખામણીમાં પરામર્શ માટે મળેલ નગર રચના યોજના સંદર્ભે મળેલ સત્તામંડળના અલગ-અલગ અંતિમખંડની સરખામણી કરવામાં આવી અને તેની બોર્ડ ધ્ધારા નોંધ લેવામાં આવી તથા થયેલ આયોજન યોગ્ય હોઈ યોજનાને અનુમોદન આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૨):** નગર રચના અધિકારીશ્રીની તા.૨૦-૧૨-૨૦૦૮ ના પત્ર નં.નરયો/ભાયલી નં.૩/ એકમ-૩/૨૯૬૯ થી નગર રચના યોજના ભાયલી નં.૩ માં વુડાને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડો અને સુચિત રસ્તા બાબતે પરામર્શ માટે મળેલ દરખાસ્તને અનુમોદન આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**અધ્યક્ષ સ્થાનેથી..**

## મુદ્દા નંબર (૧) દીનદયાળનગર (વિભાગ-૩) ગોત્રી,વડોદરામાં વુડા દવારા નિર્માણ થયેલ પ્રાથમિક શાળાના મકાન માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરાને "વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન" ને આપવા બાબત

માનનીય મુખ્યમંત્રીશ્રી ના ૧૫ મુદ્દાની કાર્યક્રમ અંતર્ગત મોજે ગોત્રી ખાતે વુડાની માલિકીની જમીનમાં ત્રણ ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજનામાં કુલ ૧૫૨૨ અવાસો બનાવવામાં આવેલ છે. સદર આવાસોના લાભાર્થીઓના બાળકોને નજીકમાં જ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે હેતુથી ૮૦૬ આવાસ યોજના સાથે સ્કુલ બીલ્ડીંગનું નિર્માણ કરવામાં આવેલ છે.

સદર સ્કુલ બીલ્ડીંગના નિકાલ માટે સત્તામંડળની તા.૧૬/૫/૦૮ ની ૨૦૦ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૧૯૦૯) થી ઠરાવ્યા અનુસાર સદર સ્કુલ બીલ્ડીંગ શહેરી ગરીબ આવાસ યોજના સાથે બનાવેલ હોવાથી અને આવાસોમાં રહેતા કુટુંબોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી, તેઓના બાળકોને રાહત દરે શિક્ષણ મળે તે જરૂરી હોવાથી સદર સ્કુલ બીલ્ડીંગની માલિકી વુડાની જ રહે અને પબ્લીક/પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે ફક્ત શિક્ષણની કામગીરી માટે માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ પાદરાને આપવી કે ટેન્ડર ઓફર દ્વારા શાંતિનિકેતન ટ્રસ્ટ દ્વારા આવેલ રૂા.૩૪/- લાખની ઓફર ભાવે વેચાણથી આપવી તે અંગે જરૂરી અભિપ્રાય/આદેશ થઈ આવવા અત્રેના તા.૨૭/૬/૨૦૦૮ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

માન. મંત્રીશ્રી, પાણી પુરવઠા, જળસંપત્તિ (કલ્પસર પ્રભાગ સિવાય) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૪/૧૨/૦૮ના પત્રથી મંત્રીશ્રી, વિદ્યાભરતી, વડોદરા વિભાગની તા.૧૮/૧૨/૦૮ ની અરજી નકલ અત્રે મોકલી માન. મંત્રીશ્રી સમક્ષ થયેલ રજુઆત સંદર્ભે માન.મંત્રીશ્રીએ આપેલ આદેશ અનુસાર જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અન્વયે વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ, વડોદરા વિભાગના મંત્રીશ્રી અત્રે સંપર્ક કરતાં તેઓના તા.૧૨/૦૧/૦૯ ના સંમતિપત્રમાં દર્શાવેલ શરતો અનુસાર શાળાનું બીલ્ડીંગ ફાળવી આપવા માંગણી કરેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લઈ માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરાને "**વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન"** સાથે જરૂરી કરાર કરી શાળા ચલાવવા માટે શાળા બીલ્ડીંગ આપવા અંગે મંજુરી આપવા અંગેના સરકારશ્રીમાં અત્રેના તા.૧૭/૦૧/૨૦૦૯ ના પત્રથી દરખાસ્ત કરતાં સરકારશ્રી ના તા. ૨-૩-૨૦૦૯ ના પત્ર નં.યુડીએ-૧૧૨૦૦૭-૧૩૨૪-(પાર્ટ ફાઇલ)-વ થી ઇડબળ્યુએસના આવાસો સાથેનું સ્કૂલ બિલ્ડીગ આવાસોમાં રહેતા કુટુંબોના બાળકોને રાહત દરે શિક્ષણ મળી રહે, તેથી માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરા સાથે તઓ દવારા આપેલ સંમતિપત્રક ઉંપરાંતા નિયમાનુસાર જરૂરી એવા તમામ કરાર કરી શાળા ચલાવાવા માટે બિલ્ડીંગ આપવાની દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવેલ છે.

સરકારશ્રીમાંથી મળેલ ઉંકત મંજુરી અન્વયે માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરા સાથે બોર્ડની બહાલીની મંજુરીની અપેક્ષાએ તા.૧૮/૫/૦૯ ના રોજ શાળા-મકાન વપરાશી હક અંગેનુ કરાર નામુ કરવામાં આવી શાળાનો કબજો સુપ્રત કરવામાં આવેલ છે.
ઉપરોકત વિગતે સત્તામંડળ દ્વારા માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરાને શાળાનુ મકાન આપવા કરેલ કાર્યવાહીને બહાલી આપવા અંગે નિર્ણય લેવા અંગે ચર્ચા-વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૩):** દીનદયાળનગર (વિભાગ-૩) ગોત્રી,વડોદરામાં વુડા દવારા નિર્માણ થયેલ પ્રાથમિક શાળાના મકાન માધવ શિક્ષણ સેવા ટ્રસ્ટ, પાદરાને "વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન" ને આપવા અંગે કરેલ કાર્યવાહીને સર્વ સભ્યોશ્રીઓ દ્વારા સર્વાનુમતે બાહલી આપવામાં આવી.

**અધ્યક્ષ સ્થાનેથી** :-

**મુદ્દા નંબર (૨) આર્થિક રીતે નબળા વર્ગની આવાસ યોજના માં મકાન ની ફાળવણીમાં મહિલાઓ માટે અનામત રાખવા બાબત**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા માનનીય મુખ્ય મંત્રીશ્રીના-૧૫ મુદદા કાર્યક્રમ અંતર્ગત મોજે ગોત્રી તથા અટલાદરા ખાતે આર્થિક રીતે નબળા વર્ગો માટે કુલ ૨૨૪૬ આવાસો બનાવી લાભાર્થીઓને તેની ફાળવણી કરવામાં આવેલ છે. સદર યોજના ની કાર્યરીતિ અને મિલ્કત વ્યવસ્થા ના નિયમો ને સત્તામંડળની ૧૬૪ મી બેઠકના ઠરાવ ક્રમાંક (૧૪૨૨) થી મંજૂરી આપવામાં આવેલ છે.આવાસ યોજનાની કાર્યરીતિ અને મિલકત વ્યવસ્થા ના નિયમ (૨) અનુસાર મકાન ની ફાળવણી માટે આર્થિક રીતે નબળા વર્ગની વ્યક્તિ એટલે કે જે વ્યક્તિની પોતાને તેના પતિ કે પત્નીની અને સગીર બાળકોની સંયુક્ત એકંદર વાર્ષિક આવક રૂ. ૩૦,૦૦૦/- થી વધારે ન હોય તેમનેજ આ યોજનાનો લાભ મળી શકે તેવી જોગવાઈ છે.

હાલમાં સ્ત્રી ભૃણહત્યાના બનાવો વધી રહ્યા છે, પુરુષ-સ્ત્રી ના પ્રમાણને પણ વિપરીત અસર થઈ રહી છે. આ સંજોગામાં સરકારશ્રી દ્વારા સ્ત્રીઓને માન મળે, મોભો મળે, આર્થિક રીતે પગભર થાય, મહત્વ વધે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. અનેક યોજનાઓમાં સ્ત્રીઓને પ્રાધન્ય આપવામાં આવી રહ્યુ છે.

ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતા વુડા દ્વારા બનાવેલ ઈડબલ્યુએસ આવાસમાં મકાનની ખરીદીમાં પ્રથમ અગ્રતા કુટુંબની સ્ત્રીને આપવામાં આવે તો વધુ યોગ્ય જણાશે.

આથી, હવે બાકી રહેતા મકાનો, ભવિષ્યમાં પુન:વેચાણ થતાં મકાનો એટલે કે હવે પછી ફાળવણી થતાં મકાનોની ખરીદી સમયે જે તે કુટુંબ ની પુખ્ત સ્ત્રી નું નામ અથવા પત્નીનું અને પતિનું સંયુક્ત નામ રાખવાનું નક્કી કરીએ અને જો કુટુંબમાં પુખ્ત સ્ત્રી સભ્ય ન હોય તો પુરુષ સભ્યને નામે પણ મકાન ફાળવી શકાય તેવી જોગવાઈ કરવી યોગ્ય જણાય છે

ઉપરોકત હકીકત ધ્યાને લઈ હવે પછી ફાળવણી થતા મકાનો માટે આર્થિક રીતે નબળા વર્ગ માટેની આવાસ યોજનાની કાર્યરીતિ અને મિલકત વ્યવસ્થા ના નિયમ (૨) માં મહિલાઓ ને મકાન ફાળવણી માં અગ્રતા આપવા અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૪)**: આર્થિક રીતે નબળા વર્ગની આવાસ યોજનામાં હવે બાકી રહેતા મકાનો, ભવિષ્યમાં પુન:વેચાણ થતાં મકાનો એટલે કે હવે પછી ફાળવણી થતાં મકાનોની ખરીદી સમયે જે તે કુટુંબ ની પુખ્ત સ્ત્રી નું નામ અથવા પત્નીનું અને પતિનું સંયુક્ત નામ રાખવાનું નક્કી કરી અને જો કુટુંબમાં પુખ્ત સ્ત્રી સભ્ય ન હોય તો પુરુષ સભ્યને નામે પણ મકાન ફાળવી શકાય તેવી જોગવાઈ હવે પછી ફાળવણી થતાં મકાનો માટે આર્થિક રીતે નબળા વર્ગ માટેની આવાસ યોજનાની કાર્યરીતિ અને મિલકત વ્યવસ્થા ના નિયમ (૨) માં ઉમેરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**અધ્યક્ષ સ્થાને થી**

**મુદદા નંબર (૩) છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયે સુધારેલ પગાર ભથ્થાંનો લાભ સત્તામંડળ ના કર્મચારીઓને આપવા બાબત.**

સરકાર શ્રી ના નાણાં વિભાગના (૧) સરકારી ઠરાવ ક્રમાંક પગર/૧૦૦૯/૧/પગાર એકમ (મ) તા. ૧૨/૦૨/૨૦૦૯ (૨) જાહેરનામાં નં (જીએન-૮) પીજીઆર-૦-૧૦૦૯-૨-પેસેલ(એમ) તા. ૨૭/૦૨/૨૦૦૯ ઠરાવથી. ૦૧/૦૧/૨૦૦૬ થી અમલમાં આવે તે રીતે ગુજરાત રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી રાજ્ય સેવાઓ અને આ જગ્યાઓ ઉપર નિમાયેલ વ્યક્તિઓ માટે નવા પગારધોરણ નક્કી કરવામાં આવેલ છે.

નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક પગર/૧૦૦૯/૧૫/પગાર એકમ (અ) તા. ૨૭/૦૨/૨૦૦૯ માં દર્શાવેલ ઠરાવથી રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો, બોર્ડ/નિગમના જે કર્મચારીઓને પાંચમાં પગાર પંચનો લાભ નાણાં વિભાગની મંજુરીથી આપવામાં આવેલ હોય તેઓનેજ આ લાભ આપી શકાશે તેમ ઠરાવાવામાં આવેલ છે.

સરકારશ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક યુડીએ-૧૮૯૮-૬૮૮-ક, તા. ૨૦/૦૪/૧૯૯૮ થી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના કર્મચારીઓને પાંચમા પગાર ધોરણનો લાભ આપવામાં આવેલ છે. (નકલ સામેલ છે).

સરકારશ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક યુડીએ-૨૫૮૭-૨૨૦૪-વ(અ) થી સત્તામંડળના સીધી ભરતી ના કર્મચારીઓ માટે મંજુર થયેલ નિયમો ના નિયમ ૫ (૨૦) અનુસાર સત્તામંડળના અધિકારી/કર્મચારીઓને સરકારશ્રી ના વખતોવખતના હુકમો અનુસાર પગાર ધોરણો નક્કી કરવાના રહેશે તેમ ઠરાવેલ છે.

આ સાથે સત્તામંડળના અધિકારી/કર્મચારીઓને કેડરવાઈઝ ચુકવાતા પગારધોરણ અને નવા પગારધોરણ મુજબ ચુકવવાપાત્ર થતા પગાર ધોરણ ની વિગત દર્શાવતુ પત્રક સામેલ છે. નવા પગારધોરણોનો અમલ કરવાથી સત્તામંડળ ઉપર અંદાજે માસિક ૨.૫૦ લાખ જેટલો વધારોનો બોજો પડે તેમ છે.

સત્તામંડળ ની તા. ૨૮/૧૦/૨૦૦૩ ની ૫૦ મી બેઠક ના ઠરાવ ક્રમાંક (૩૮૮) થી સત્તામંડળે નિમેલા કર્મચારીઓને ટૂંકાગાળા ની વિવિધ પેશગીઓ તથા વિવિધ ભથ્થાઓ સરકારશ્રી ના નિયમ અને ધોરણે આપવા ઠરાવવામાં આવેલ છે.

સબબ ઉપરોક્ત હકીકત નિગાહે લઈ સત્તામંડળના અધિકારી/કર્મચારીઓને પણ સરકારશ્રીએ મંજુર કરેલ ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૦૯ મુજબ પગાર ચુકવવા અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૬૫)**: સત્તામંડળના અધિકારી/કર્મચારીઓને પણ સરકારશ્રીએ તા.૧૨/૨/૦૯ અને તા.૨૭/૨/૦૯ ના ઠરાવથી મંજુર કરેલ ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો ૨૦૦૯ મુજબ પગાર ચુકવવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.**

**સહી/-**
**સભ્ય - સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**

**સહી/-**
**અદ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**